# ભારતના બંધારણમાં રાષ્ટ્રપતિનું પદ

રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે. રાષ્ટ્રપતિ ભારતીય રાજ્યના પ્રમુખ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ–52માં રાષ્ટ્રપતિપદની જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભારતના પ્રથમ નાગરિક છે. લોકસભા તથા રાજ્યસભાની સાથે રાષ્ટ્રપતિ પણ સંસદનું અભિન્ન અંગ છે. અમેરિકાની જેમ ભારતના રાષ્ટ્રપતિ સર્વ સત્તાધીશ હોતા નથી, પરંતુ વડા પ્રધાન દેશને લગતી બાબતોનો નિર્ણય લેતા હોય છે.

## ➢ રાષ્ટ્રપતિનો કાર્યકાળ :

→ બંધારણના અનુચ્છેદ–56 અનુસાર રાષ્ટ્રપતિનો કાર્યકાળ સામાન્ય રીતે 5 વર્ષનો હોય છે.

## ➢ રાષ્ટ્રપતિનું રાજીનામું :

→ બંધારણના અનુચ્છેદ–57 અનુસાર રાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું ઉપરાષ્ટ્રપતિને સોંપે છે.

## ➢ રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાત :

→ તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
→ ઓછામાં ઓછી (ન્યૂનતમ) ઉંમર 35 વર્ષ હોવી જોઈએ.
→ લોકસભામાં ચૂંટાવવા માટેની લાયકાત ધરાવતો હોવો જોઈએ.
→ કેન્દ્ર અથવા રાજ્ય સરકારમાં લાભનું પદ ધરાવતો ન હોવો જોઈએ.

## ➢ રાષ્ટ્રપતિ પદ માટેની શરતો :

→ તે સંસદ કે વિધાનસભાનો સભ્ય ન હોવો જોઈએ.
→ લાભનું પદ (હોદ્દો) ધરાવતો ન હોવો જોઈએ.
→ તેના પગાર – ભથ્થા, તેના કાર્યકાળ દરમિયાન ઘટાડી શકાતા નથી.
→ રાષ્ટ્રપતિ પદ માટેની શરતો બંધારણના અનુચ્છેદ – 59 અનુસાર હોય છે.

## ➢ પગાર ભથ્થા :

→ ભારતીય બંધારણના અનુચ્છેદ – 59 અનુસાર રાષ્ટ્રપતિને ભારતની સંચિત નિધિમાંથી સંસદ કાયદાથી નક્કી કરે તે પગાર ભથ્થા મળે છે.
→ રાષ્ટ્રપતિને પ્રતિ માસ રૂ. 1,50,000/- પગાર આપવામાં આવે છે તથા નિવૃત્ત થયા બાદ જ્યાં સુધી જીવે ત્યાં સુધી અડધા પગાર જેટલું પેન્શન આપવામાં આવે છે.
→ તેમના અવસાન બાદ પરિવારને અડધું પેન્શન આપવામાં આવે છે.

## ➢ રાષ્ટ્રપતિનો હોદ્દો ક્યાં સંજોગોમાં ખાલી પડે છે ? :

→ રાજીનામું આપે ત્યારે
→ 5 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થાય ત્યારે
→ મૃત્યુ થાય ત્યારે
→ મહાભિયોગની પ્રક્રિયા દ્વારા હટાવવાથી
→ રાષ્ટ્રપતિની ચૂંટણી સુપ્રીમ કોર્ટ દ્વારા અયોગ્ય જાહેર કરી રદ કરવામાં આવે ત્યારે.

## ➢ શપથવિધિ :

→ રાષ્ટ્રપતિએ બંધારણના અનુચ્છેદ–60 મુજબ હોદ્દો સંભાળતા પહેલા શપથ લેવાના હોય છે.
→ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ શપથ લેવડાવે છે. જો તેઓ ગેરહાજર હોય તો વરિષ્ઠત્તમ ન્યાયાધીશ શપથ લેવડાવે છે.

## ➢ રાષ્ટ્રપતિની સત્તાઓ :

| | |
|---|---|
| → વહીવટી સત્તા | → લશ્કરી સત્તા |
| → ધારાકીય સત્તા | → ન્યાયિક સત્તા |
| → નાણાકીય સત્તા | → વીટો પાવર સત્તા |
| → રાજદ્વારી સત્તા | → કટોકટી સત્તા |

## રાષ્ટ્રપતિની ચૂંટણી

- રાષ્ટ્રપતિની ચુંટણી ભારતીય બંધારણના અનુચ્છેદ–54 અનુસાર થાય છે.
- રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંસદ (લોકસભા અને રાજ્યસભા) નો બંને ગૃહોના ચૂંટાયેલા સભ્યો, રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો દિલ્હી અને પોંડુચેરીની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો ભાગ લે છે.

**નોંધ :–**

- રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક પામેલા લોકસભાના 2 સભ્યો અને રાજ્યસભાના 12 સભ્યો ભાગ લઈ શકતા નથી તથા રાજ્યપાલ દ્વારા નિમણૂક પામેલા 1 એંગ્લો ઈન્ડિયન સભ્ય ભાગ લેતા નથી. આ ઉપરાંત વિધાનપરિષદના સભ્યો ભાગ લેતા નથી.
- રાષ્ટ્રપતિની ચૂંટણી બંધારણના અનુચ્છેદ–55 મુજબ સમતુલ્યતાના સિધ્ધાંત અને એકલ સંક્રમણીય મત પધ્ધતિ દ્વારા ગુપ્ત મતદાનથી કરવામાં આવે છે.

## રાષ્ટ્રપતિ પર મહાભિયોગની પ્રક્રિયા

- ભારતીય બંધારણના અનુચ્છેદ–61 અનુસાર રાષ્ટ્રપતિ બંધારણનો ભંગ કરે તો તેમને તેમના હોદ્દા પરથી દૂર કરવા સંસદમાં મહાભિયોગ પ્રક્રિયા ચલાવવામાં આવે છે.
- સંસદના બંને ગૃહમાંથી કોઈપણ ગૃહમાં મહાભિયોગની પ્રક્રિયા શરૂ કરી શકાય છે.
- ગૃહમાં મહાભિયોગની પ્રક્રિયા શરૂ કરવી હોય તો તે ગૃહની કુલ સંભ્યસંખ્યાના 1/4 સભ્યોની સહીવાળું આવેદન ગૃહના અધ્યક્ષ અથવા સભાપતિને આપવામાં આવે છે.
- રાષ્ટ્રપતિને 14 દિવસની નોટિસ આપવામાં આવે છે. આ સમય દરમિયાન રાષ્ટ્રપતિ બંને ગૃહમાં પોતાની રજૂઆત કરી શકે છે.
- જો મહાભિયોગનો પ્રસ્તાવ સંસદના બંને ગૃહમાંથી 2/3 બહુમતીથી પસાર થાય તો તે તારીખથી રાષ્ટ્રપતિએ પદ છોડવું પડે છે.

**આટલું જાણો :–**

- રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવારી માટે મતદાર મંડળમાંથી ઓછામાં ઓછા 50 સભ્યોનો દરખાસ્ત મૂકનાર તરીકે ટેકો હોવો જોઈએ.
- રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર દરેક ઉમેદવારે રૂ. 15,000/- ડિપોઝિટ પેટે RBIમાં જમા કરાવવાના રહે છે.
- કુલ મતના 1/6 મત ન મળે તો ડિપોઝિટ જપ્ત થાય છે.
- આનુપાતિક પ્રતિનિધિત્વ ચૂંટણી પધ્ધતિમાં સંસદ સભ્યો, રાજ્યો–કેન્દ્રશાસિત પ્રદેશોના સભ્યોનું મતમૂલ્ય નીચે આપેલી રીત પ્રમાણે નક્કી થાય છે.

**= સંબંધિત રાજ્યની કુલ વસ્તી, સંબંધિત રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યો ✕ 1/1000 એક સંસદ સભ્યનું મતમૂલ્ય = બધા જ રાજ્યોના વિધાનસભ્યોના મતોનો સરવાળો, સંસદના ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા.**